## પ્રાંતિજ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમા સેવાસેતુ કાર્યક્રમ માં લાભાર્થીઓની પાંખી હાજરી જોવા મળી. પ્રાંતિજ શેઠ પી એન્ડ આર હાઈસ્કુલ ખાતે શહેરી વિસ્તાર નો સેવા સેતુ કાર્યક્રમ સરકાર દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં લાભાર્થીઓ ને લાભ મળે તે હેતુથી શાળા ખાતે આખી કચેરી ઉભી કરવામાં આવી હતી જેમાં રેશનકાર્ડ, આધાર કાર્ડ, મા અમૃતમ યોજના, વાત્સલ્ય કાર્ડ સહિત ની યોજના ઓનો સ્થળ ઉપર તાત્કાલિક લાભાર્થીઓને નોંધણી કરી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યાં હતાં પણ દરેક ટેબલો ઉપર લાભાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી તો ખુરશી ઓ પણ ખાલી ખમ જોવા મળી હતી તો આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ સિવાય પ્રાંતિજ નગરપાલિકાના એક પણ કોર્પોરેટરો શહેરી કક્ષા નો સેવાસેતુ કાર્યક્રમ હોવા છતાંય કાર્યક્રમ મા ફર્યા ન હતા તો ૩૭૭ લાભાર્થીઓએ લાભલીધો હતો.

## માલપુર ગ્રામ પંચાયતમાં મહિલા સરપંચના પતિ ડે.સરપંચે રાજીનામુ ધરી દીધું, નવા ડેપ્યુટી સરપંચ તરીકે પિયુષ ત્રિવેદી



સ્વરાજ્યની ચૂંટણીમાં માલપુર ગ્રામ પંચાયતની ચૂંટણી આકર્ષણનું કેન્દ્ર રહી હતી જેમાં માલપુર સરપંચ તરીકે ભારતીબેન ઉપાધ્યય વિજેતા બન્યા પછી ઉપરપંચ પદની ચૂંટણીમાં તેમના પતિ અને અન્ય એક સભ્યએ દાવેદારી નોંધાવતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો હતો જેમાં મહિલા સરપંચના પતિ મહેશ ઉપાધ્યાય ઉપ સરપંચ બન્યા હતા તેમના હરીફ ઉમેદવારનું ફોર્મ લેટ આવ્યું હોવાનું કારણ ચૂંટણી અધિકારીએ આપતા ભારે હોબાળો મચ્યો હતો ત્રણ વાર સામાન્ય સભા બિન કોરમ થઇ હતી તેમ છતાં માલપુર ગ્રામ પંચાયત પર દંપતીનો દબદબો યથાવત રહ્યો હતો. માલપુર ગ્રામ પંચાયતમાં સતત વિવાદોના ઘેરામાં ઘેરાયેલી રહી હતી આખરે રાજકીય દાવપેચમાં માહેર ગણાતા ડેપ્યુટી સરપંચ મહેશ ઉપાધ્યાયે રાજીનામુ ધરી દીધું હતું અને નવા ડેપ્યુટી સરપંચ તરીકે પીયૂષ ત્રિવેદી જાહેર થતાની સાથે ગામલોકોમાં આનંદ છવાયો હતો આખરે અરવલ્લી જિલ્લાના ઈતિહાસમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સૌપ્રથમ વાર પત્ની સરપંચ અને પતિ ઉપ સરપંચ તરીકેનો દબદબાની પુર્ણાહુતી થઇ હતી

## પાલનપુરના સ્વસ્તિક શૈક્ષણિક સંકુલમાં નવરાત્રિની ઉજવણી...



આબોહવામાં વસંત અને પાનખર જેવા બે મહત્વના સંગમોની શરૂઆત થાય છે અને સૂર્યનો પ્રભાવ પણ રહે છે. માતૃ દેવીની પૂજા માટે આ બે સમય ગાળાને એક પવિત્ર તક તરીકે ગણવામાં આવે છે. ચંદ્ર આધારીત પંચાંગ પ્રમાણે આ ઉત્સવની તારીખો નક્કી કરવામાં આવે છે. નવરાત્રી દેવી દુર્ગાના ઉત્સવનું પ્રતીક છે, જે દેવીને શક્તિ (ઊર્જા)ના સ્વરૂપે વ્યક્ત કરે છે. દશેરા એટલે કે 'દસ દિવસ' એ નવરાત્રી પછીનો દીવસ છે. નવરાત્રી ઉત્સવ કે નવ રાત્રીઓનો આ ઉત્સવ હવે તેના છેલ્લા દિવસને જોડીને દસ દિવસનો ઉત્સવ બની ગયો છે. જેને વિજયાદશમી કહેવાય છે. જે આ ઉત્સવનો અંતિમ દિવસ છે.

# ચમારપુર પ્રા.શાળાના મુખ્ય શિક્ષક ભરતભાઈ પટેલનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

**૩૬ વર્ષની શૈક્ષણિક સેવાઓને બિરદાવી, જોડીદાર શિક્ષકોએ સંસ્મરણો તાજાં કરાવ્યાં**

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૨

બાયડ તાલુકાની ચમારપુર પ્રા.શાળાના મુખ્ય શિક્ષક ભરતકુમાર એલ. પટેલ વયમર્યાદાના કારણે યશસ્વી ૩૬ વર્ષની શૈક્ષણિક સેવાઓ આપી નિવૃત્ત થતાં વિદાય સમારંભ ભાગીરથ સંસ્કાર હોલ-ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં તા.૧ ઓક્ટોબરના રોજ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન રમેશભાઈ કે. પટેલ, રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતિષભાઈ એમ. પટેલ, રડોદરા જિલ્લા પંચાયત સદસ્ય રવિભાઈ વી. પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગોવિંદભાઈ દેશમુખ, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી શરદભાઈ પટેલ, ઉપપ્રમુખ ધર્મેશભાઈ સોની, બાયડ તાલુકા પ્રાથમિક ટીચર્સ મંડળીના વાઈસ ચેરમેન તરલીકાબેન પટેલ સહિત સેવા નિવૃત્ત શિક્ષણ વિભાગના અધિકારીઓ, સબંધીઓ, જૂથના શિક્ષકો વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાની છાપરીયા પ્રા.શાળા થી પોતાની શિક્ષક તરીકેની કારકીર્દી શરૂ કરી અને ત્યારબાદ બાપુપુરા અને છેલ્લે બાયડ તાલુકાની ચમારપુર




પ્રા.શાળામાં મુખ્ય શિક્ષક તરીકે યશસ્વી સેવાઓ આપી વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા મુખ્ય શિક્ષક ભરતકુમાર એલ. પટેલનો વિદાય સમારંભ યોજાયો જેમાં જૂથ તેમજ શાળા પરિવાર દ્વારા તેમને સન્માનપત્ર અને મોમેન્ટો આપી સન્માનિત કરાયા ત્યારે શિક્ષક સમુદાય ભાવુક બન્યો હતો. તેમની યશસ્વી સેવાઓ અને જીંદાદિલ સ્વભાવની સૌએ પ્રસંશા કરી હતી. નિવૃત્ત નાયબ જિલ્લા શિક્ષણાધિકારી જીતુભાઈ પટેલે નિવૃત્ત થયેલા મુખ્ય શિક્ષક ભરતકુમાર પટેલનો એક સહહૃદયી અને બાળકોના પ્રિય શિક્ષક ગણાવ્યા હતા. જ્યારે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતિષભાઈ પટેલે નિવૃત્ત થતા મુખ્ય શિક્ષકે તેમની સેવાઓ નિષ્ઠાપૂર્વક અદા કરવાની સાથે રામાયણમાં જેમ ભરતનું પાત્ર અણમોલ હતું તે રીતે જ નિવૃત્ત મુખ્ય શિક્ષક ભરતભાઈ પટેલે શિક્ષકો સાથે તેમજ પરિવાર સાથેનો લાગણીશીલ સ્વભાવનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યાનું જણાવ્યું હતું. પોતાનું ઐતિહાસિક સન્માન કરનાર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તેમજ જૂથ પરિવારનો આભાર માની તેઓએ તેમના તરફથી આર્થિક યોગદાનની જાહેરાત કરી હતી. જ્યારે શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાના સર્વશ્રેષ્ઠ શિક્ષક જાહેર કરાયેલા પંકજભાઈ બારોટનું પણ આ તબક્કે વિશેષ સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન કિરીટભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નિવૃત્ત થયેલા મુખ્ય શિક્ષક ભરતકુમાર પટેલનું તેમના સબંધીઓ, મિત્રો અને શુભેચ્છકોએ સન્માન કર્યું હતું તેમની સાથે શાળામાં કામગીરી કરનાર નિવૃત્ત શિક્ષકોએ સંસ્મરણો તાજા કરી સૌને વધુ ભાવુક કર્યા હતા.

## આજે દુર્ગાષ્ટમી : જિલ્લામાં નવરાત્રિ સ્થળોએ આઠમના હવન યોજાશે

**આજે ગ્રામ્ય વિસ્તારમાં આઠમની આરતી લાખો રૂપિયાને આંબી જશે**

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૨



જિલ્લામાં શક્તિ આરાધનાના પર્વ સમી નવરાત્રિમાં તમામ વિસ્તારોમાં જગત જનની જગદંબાની આરાધના વચ્ચે સોમવારના રોજ આઠમ હોવાથી દેવમંદિરો અને નવરાત્રિ સ્થળોએ આઠમ નિમિત્તે હવન યોજાશે. આઠમ હોવાથી જિલ્લાના ખેડબ્રહ્માના અંબાજી મંદિર, મોડાસા તાલુકાના ઈટાડી અને બાયડ તાલુકાના દિપેશ્વરી મંદિરે વહેલી સવારથી જ ભારે ભીડ જોવા મળશે. આઠમની આરતીનું વિશેષ મહત્વ હોવાથી ગામડાઓમાં નવરાત્રિના આયોજકો માટે નવરાત્રિની આરતીમાં જેટલો ચઢાવો વધુ થાય તેટલો ખર્ચમાં ફાયદો થતો હોવાથી આજે પણ અનેક ગ્રામ્ય વિસ્તારોમાં આઠમની આરતી લાખો રૂપિયામાં ભક્તો દ્વારા ઉતારાય છે જે પ્રથાનું આજે પુનરાવર્તન થશે.

ભારતીય સંસ્કૃતિમાં વેદકાળથી માં ની પૂજા કે માતાને દેવત્વ આપવાની પ્રણાલી ચાલી આવી છે. જ્યારે આસો માસની નવરાત્રિએ માં ની ભક્તિ અને આરાધનાનું પર્વ હોવાથી જિલ્લાભરમાં પ્રથમ નોંરતાથી જ આદ્યશક્તિની ઉપાસના શરૂ થઈ છે ત્યારે નવરાત્રિની આઠમે સર્વ શક્તિમાન માં દુર્ગાની આરાધનાનું વિશેષ મહાત્મય હોવાથી આજે આઠમના નોંરતે મોટા ભાગના દેવી મંદિરોમાં માં નાં દર્શન માટે શ્રદ્ધાળુઓની મોટી ભીડ જામશે. જિલ્લામાં નવરાત્રિના રાસ-ગરબાની ઉજવણી સાથે આઠમું નોંરતે ખાસ હોમહવન યોજાતાં હોવાથી જિલ્લાના અનેક વિસ્તારોમાં આઠમ નિમિત્તે હવન આજે યોજાશે અને વાતાવરણ સ્વાહા..સ્વાહાના મંત્રોચ્ચારથી ગુંજી ઉઠશે.

## ગાંધી જયંતિ નિમિત્તે સાબરકાંઠા જિલ્લામાં નશાબંધી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરાયો

બાયડ તા.૨

તા.૨ જી થી તા.૮ મી ઓકટોબર,૨૦૨૨ દરમિયાન ગાંધી જયંતિ નિમિત્તે સમગ્ર રાજ્ય સહિત સાબરકાંઠા જિલ્લામાં નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. સા.કાં જિ કો- ઓપરેટીવ




દૂધ ઉત્પાદન સંઘ લી. સાબરદાણ ફેક્ટરી બોરીયા (હાજીપુર) હિંમતનગર ખાતેથી નશાબંધી સપ્તાહનો પ્રારંભ જિલ્લા નશાબંધી અધિકક્ષક શ્રી વાઘેલાએ કરાવ્યો હતો. આ પ્રસંગે અધિકક્ષકશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના વિકાસમાં આર્થિક, સામાજિક અને ઔદ્યોગિક ક્ષેત્રે રાષ્ટ્રને ગૌરવવંતુ સ્થાન અપાવવામાં ગુજરાત રાજ્ય મોખરાના સ્થાને રહ્યું છે. દારૂનું સેવન તથા બીડી, સિગારેટ સહિત અન્ય કોઈપણ કુટેવોને કારણે થતાં નુકશાન સામે લોકોને જાગૃત્ત કરવા તથા કુટેવોથી મુક્ત કરવા જાગૃત્તિ લાવવાની ઘનિષ્ટ કામગીરી આ સપ્તાહ દરમિયાન કરવામાં આવશે. પ્રતિ વર્ષ આ સપ્તાહ દરમિયાન જિલ્લાના નશાબંધી અધિકક્ષશ્રી તેમજ સહયોગી સંસ્થાઓ દ્વારા ઠેર-ઠેર વિવિધ કાર્યક્રમો યોજી અનેક યુવાનોને નશાના ચુંગલમાંથી બચાવવામાં આવે છે.

"આઝાદી કા અમૃત" મહોત્સવ અંતર્ગત આઝાદીમાં નશાબંધી ક્ષેત્રે ગુજરાતે પથદર્શક તરીકેની ભૂમિકા ભજવી હતી. આ બન્નેને સાંકળીને પણ જિલ્લા વહિવટીતંત્રની સમગ્ર ટીમ દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરી રાષ્ટ્રીય કક્ષાએ યશભાગી થવાનો આ અવસર છે. આ નશાબંધી સપ્તાહ નિમિત્તે જિલ્લાના તમામ તાલુકા મથકો, શાળાઓમાં વિદ્યાર્થીઓ તથા યુવાનોની ટેબ્લો સાથે રેલી, સાહિત્ય વિતરણ, વિવિધ સંસ્થાઓ-જાહેર સ્થળો પર લોકોને વ્યસનમુક્તિનો સંકલ્પ લેવડાવવો, સાહિત્ય વિતરણ અને રાત્રિના સામયે શહેર-ગામડાઓમાં નાટકો, ભવાઈ, શેરીનાટકો યોજવામાં આવશે. માદક પદાર્થો, સિગારેટ વગેરેના સેવન ન કરવા અને સેવનથી થતાં નુકસાન અંગે પ્રચારાત્મક સૂત્રો સાથે જાહેર માર્ગો પર પ્રચાર કરી જિલ્લાને વ્યસન મુક્ત જિલ્લો બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ પ્રસંગે ફેક્ટરીના મેનેજરશ્રી ડો. સંજયભાઈ, શ્રી મનોજભાઈ, નશાબંધી વિભાગના તેજલબેન તથા સ્ટાફ અને ફેક્ટરીના શ્રમિકો ઉપસ્થિત રહી નશાબંધીના શપથ લીધા હતા.

# જિલ્લામાં નવરાત્રિના આરંભ સાથે બજારોમાં દિવાળી દેખાઈ

**તૈયાર વસ્ત્રો, ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ, બુટ-ચપ્પલની ખરીદીમાં વધારો : ઝવેરી બજારમાં પણ વધતી ઘરાકીઃ નવરાત્રિના પ્રથમ દિવસથી બજારોમાં નવી ચમક**

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૨


સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નવરાત્રિના આરંભ સાથે બજારોમાં દિવાળીની ચમક દેખાઈ છે. તૈયાર વસ્ત્રો, ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુ તેમજ બુટ-ચપ્પલની ખરીદીમાં વધારો થયો છે. જિલ્લામાં ચોમાસા દરમ્યાન સતત વરસાદના કારણે ધંધા-રોજગારોમાં ઘરાકી ઘટી જતાં બજારોમાં મંદીનો માહોલ છવાયો પરંતુ હવે નવરાત્રિના લીધે તમામ બજારો ગ્રાહકોથી ધમધમતાં થયાં છે. વર્ષ દરમ્યાન આવતા દરેક તહેવારોના કારણે બજારોને તેની આર્થિક ફાયદો અચૂક થતો હોય છે. કોરોનાના કપરા બે કાળમાં ધંધા-રોજગારો તહસ નહસ થઈ જતાં વેપારીઓને લાખો રૂપિયાનો ફટકો પડ્યો હતો જેમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી પણ બજારોમાં જોઈએ તેવી તેજી આવી ન હતી. વેપારીઓએ નવરાત્રિને અને આગામી દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી અત્યારથી જ દુકાનોમાં લાખો રૂપિયાનો માલ સ્ટોક સારી ઘરાકીની આશા સાથે કરી દીધો હતો જેમાં હવે પ્રથમ નોરતાના આરંભ સાથે જિલ્લાના બજારોમાં નવી રોનક જોવા મળી રહી છે. જિલ્લાના બાયડ,



ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, શામળાજી, ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા, પોશીના, વડાલી, ઈડર, હિંમતનગર, તલોદ અને પ્રાંતિજ સહિતના વિસ્તારોમાં હવે શુષ્ક થયેલા ધંધા-રોજગારોમાં નવું જોમ ઘરાકીના રૂપમાં જોવા મળી રહ્યું છે. આગામી દિવાળીનું પર્વ નજીકમાં હોવાથી મોટાભાગના પરિવારોએ અત્યારથી જ દિવાળીને લગતી ખરીદી શરુ કરી છે. ખાસ કરીને વસ્ત્ર અને ઝવેરી બજારમાં ધીરે ધીરે ઘરાકી જામી રહી છે. આ ઉપરાંત બુટ-ચપ્પલની ખરીદીમાં પણ વધારો થઈ રહ્યો છે. નવરાત્રિના આરંભ સાથે બજારોમાં ખરીદી નિકળતાં ધંધા-રોજગારોમાં મોટું રોકાણ કરનારા વેપારીઓએ પણ હવે રાહત અનુભવી છે. જ્યારે આ વર્ષે સાર્વત્રિક વરસાદ વરસ્યો હોવાના કારણે ખેતીનું ચિત્રો પણ ઉજળું બન્યું હોવાથી આગામી તહેવારો સમયે બજારો ગ્રાહકોથી વધુ ઉભરાશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

# પાલનપુરમાં જામી નવરાત્રિની રમઝટ...





પાલનપુર તા. ૨

માં જગદંબાની આરાધના ના નવલી નવરાત્રી ની રમઝટ કોરોનાના બે વર્ષ બાદ પાલનપુરમાં જામી છે. શહેરના જાહેર ગરબાઓ મોટી બજાર ત્રણ બત્તી ગઠામણ દરવાજા જુના લક્ષ્મીપુરા બેચરપુરા બેક્ર સોસાયટી અંબિકા વાડી માનસરોવર રોડ ભાગ્યોદય સોસાયટી બ્રિજેશ્વર કોલોની સહિત શહેરના અમદાવાદ હાઈવે ઉપર ઝાંઝર અને ઘુમ્મર વૃંદાવન સહિતના પાર્ટી પ્લોટોમાં યૌવન હિંડોળે ચઢ્યું છે. માં અંબાની આરાધના માટે માય ભક્તો ઉપવાસ પૂજા યજ્ઞ આરતી પ્રસાદનું મોટાપાયે આયોજન કરાયું છે. શહેરના આબુ હાઈવે અમદાવાદ હાઈવે અને ડીસા હાઈવે તથા અંબાજી હાઈવે વિસ્તારની અનેક સોસાયટીઓમાં અને શહેરના જુદા જુદા વિસ્તારોમાં મોડી રાત સુધી પ્રાચીન અને અર્વાચીન ગરબા ની રમઝટ શહેરીજનોએ અને ગરવી ગુજરાતણો જમાવી છે. બનાસકાંઠા પોલીસ દ્વારા જિલ્લાના પાલનપુર ડીસા થરાદ ધાનેરા અંબાજી વાવ છાપી કાણોદર ગઢ દાંતીવાડા પાંથાવાડા દિયોદર શિહોરી થરા ભાભર સુઈગામ સહિત તમામ ગરબાઓમાં કોઈ ઘટના ન બને તે માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. જ્યારે ચાલુ ગરબામાં વિધર્મીઓ અને અસામાજિક તત્વો પર અંકુશ રાખવા મહિલા પોલીસ નવરાત્રીના ટ્રેડિશનલ ડ્રેસ માં ગરબે ઘૂમી આવારા તત્વોને ઝડપી પાડવા સજ્જ બની છે.









## જીવણજી નઈ રે જવા દઉં આજ કે વનમાં રાતલડી રાખુ રેપ યુવાધન ગરબે ઘૂમ્યુ, જીલ્લા પોલીસવડા રમઝટ નવરાત્રીની મુલાકાતે

અરવલ્લી જિલ્લામાં છઠ્ઠા નોતરે ખેલૈયાઓ મનમુકીને ગરબે ઘુમતા નજરે પડ્યા હતા. મોડાસા શહેરના અર્બુદા નવરાત્રી મહોત્સવમાં ભારે ભીડ જામી હતી અને ખેલૈયાઓથી મેદાન ભરાઈ ગયું હતું. આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી ખેલૈયાઓ ગરબે ઘૂમવા માટે આવી પહોંચ્યા હતા. તો બીજી બાજુ રમઝટ નવરાત્રી મહોત્સવમાં પણ ખેલૈયાઓનો ધસારો જોવા મળ્યો હતો. ખેલૈયાઓએ ગરબે ઘુમીને માતાજીની આરાધના કરી હતી. જિલ્લા પોલિસ વડા સંજય ખરાતે પણ રમઝટ નવરાત્રી મહોત્સવની મુલાકાત કરતા આયોજકો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું..








## મા તારો ગરબો ઝાકમઝોળ ઘૂમે ગોળ ગોળ.....

દિવસેને દિવસે પાર્ટી પ્લોટમાં યોજતા ગરબાનો ક્રેઝ વધતો જાય છે. પરંતુ ડીસા રાણપુર રોડ પર આવેલ પિંક સિટીમાં ૩૫૦ પરિવારો દ્વારા થતા ગરબા ડીસા તાલુકામાં અનેરા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જેને જોવા માટે આજુબાજુના ગામડાઓમાંથી પણ લોકો આવે છે. ડીસા રાણપુર રોડ પર આવેલ પિંક સિટીમાં ૩૫૦ દ્વારા દર વર્ષે નવરાત્રી મહોત્સવ આયોજન કરવામાં આવે છે આજે પાંચમા દિવસે ખેલૈયાઓએ મન મૂકીને ગરબા રમ્યા હતા ટ્રેડિશનલ ડ્રેસમાં મહિલાઓ અને પુરુષો ગરબે ઘૂમી માની આરાધના કરતા નજરે પડ્યા હતા. ડીસા તાલુકામાં થતા ગરબાઓમાં પિંક સિટીના ગરબા પણ ભારે આકર્ષણનો કેન્દ્ર બને છે જેને જોવા માટે આજુબાજુના ગામડાઓમાંથી પણ લોકો આવે છે. ગરબા બાદ આયોજકો દ્વારા દરરોજ અલ્પાહાર નું પણ આયોજન કરવામાં આવે છે.જયારે આજે નવલી નવરાત્રી મહોત્સવના પાંચમા દિવસે લ્હાણીના દાતા એવા રસીકભાઈ પટેલ દ્વારા ગરબાની રમઝટ બોલાવનારા ખેલેયાઓને લ્હાણી આપવામાં આવી હતી